


# ભારત સામે ચીનની નવી ડિસઈન્ફોર્મેશન ચાલ

**૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ એ ભારત-ચીન સંબંધોમાં એક વળાંક સાબિત થઈ હતી**

**વિકલ્પ**

★ દીપક આશર

૨૧મી સદીમાં યુદ્ધ માત્ર સરહદો પર બંદૂકો, ટેન્કો કે ફાઈટર જેટ્સ દ્વારા લડાતા નથી. આજના ડિજિટલ અને ઈન્ફોર્મેશન યુગમાં યુદ્ધની વ્યાખ્યા સંપૂર્ણપણે બદલાઈ ચૂકી છે. આજે અસલી યુદ્ધભૂમિ માણસનું મગજ, સોશિયલ મીડિયા અને ગ્લોબલ નેરેટિવ્સ બની ચૂક્યા છે. તાજેતરમાં એક અત્યંત સચોટ અને વિશ્લેષણાત્મક અહેવાલમાં સામે આવેલા ચોંકાવનારા તારણો મુજબ, ચીન ભારત સામે માત્ર વાસ્તવિક સરહદ એટલે કે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ પર જ લશ્કરી આક્રમકતા નથી દાખવી રહ્યું, પણ તે ગલવાન ઘાટીની હિંસક અથડામણથી લઈને અરુણાચલ પ્રદેશના સરહદી વિસ્તારો સુધી ભારત સામે 'ડિસઈન્ફોર્મેશન' એટલે કે ભ્રામક માહિતી અને સાયકોલોજિકલ વૉરફેરનું એક ઘાતક અને સુનિયોજિત હથિયાર વાપરી રહ્યું છે. આ માત્ર વિદેશી પ્રોપેગંડા નથી, પણ તે ભારતની રાષ્ટ્રીય સુરક્ષા, સૈન્ય મનોબળ અને ભૌગોલિક અખંડિતતા સામે ચીન દ્વારા ખેલાઈ રહેલી એક ભયાનક 'ઈન્ફોર્મેશન વોર' છે.

૨૦૨૦માં ગલવાન ઘાટીમાં થયેલી હિંસક અથડામણ એ ભારત-ચીન સંબંધોમાં એક વળાંક સાબિત થઈ હતી. એ ઘટનામાં ભારતીય બહાદૂર જવાનોએ ચીની સેનાના આક્રમણને અત્યંત વીરતાપૂર્વક નિષ્ફળ બનાવ્યું હતું, પરંતુ એ પરાજય અને નુકસાનને છુપાવવા માટે ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી અને તેની પીપલ્સ લિબરેશન આર્મીએ જે રસ્તો અપનાવ્યો, તે તેની ચાલાક માનસિકતા દર્શાવે છે. ચીને ઘટનાના મહિનાઓ પછી એડિટ કરેલા વીડિયો, ફેક ન્યૂઝ અને સોશિયલ મીડિયા બોટ્સનો ઉપયોગ કરીને વૈશ્વિક સ્તરે એવો ભ્રમ ફેલાવવાનો પ્રયાસ કર્યો કે તેણે ભારતીય દળોને ભારે નુકસાન પહોંચાડ્યું છે. તેવી જ રીતે, અરુણાચલ પ્રદેશના વિવિધ વિસ્તારોના નામ ચાઈનીઝ ભાષામાં બદલીને જાહેર કરવા અને ત્યાં સેટલાઈટ ચિત્રો દ્વારા કૃત્રિમ ગામડાં બતાવીને સરહદી દાવો મજબૂત કરવાનો પ્રયાસ પણ આ જ ડિસઈન્ફોર્મેશન સ્ટ્રેટેજીનો એક ભાગ છે.

જો આ સમગ્ર પરિસ્થિતિ અને ચીનના આ સાયકોલોજિકલ વૉરફેરનું ઊંડાણપૂર્વક વ્યૂહાત્મક મૂલ્યાંકન કરવામાં આવે, તો કેટલાંક અત્યંત મહત્ત્વપૂર્ણ અને ચિંતાજનક પાસાંઓ સામે આવે છે. પ્રથમ પાસું એ છે કે ચીનની આ નીતિ તેના જાણીતા 'થ્રી વૉરફેર' ડોક્ટ્રિન પર આધારિત છે, જેમાં સાયકોલોજિકલ વૉરફેર, લીગલ વૉરફેર (લોફેર) અને મીડિયા વૉરફેરનો સમાવેશ થાય છે.

ચીન ભારત સામે વાસ્તવિક યુદ્ધ લડ્યા વિના જ ભારતીય જનતા, સૈન્ય અને આંતરરાષ્ટ્રીય સમુદાયના મનમાં આશંકા અને ડર ઊભો કરવા માગે છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ જેવા કે ટ્વિટર (એક્સ), આઈજી અને ડિજિટલ ન્યૂઝ પોર્ટલ્સ પર ફેક એકાઉન્ટ્સ અને એઆઈ જનરેટેડ કન્ટેન્ટ દ્વારા ભારતની સૈન્ય ક્ષમતા પર સવાલો ઉઠાવવા એ આ રણનીતિનું મુખ્ય અંગ છે.

ભારતની આંતરિક લોકશાહી અને મીડિયા ઈકોસિસ્ટમનો દુરુપયોગ કરવામાં ચીનને ફાવટ આવી ગઈ છે. ભારત એક મુક્ત અને લોકશાહી દેશ છે જ્યાં વિચારોની અભિવ્યક્તિ અને સરકારની ટીકા કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. ચીન આ જ સ્વતંત્રતાનો લાભ ઉઠાવે છે. ચીની એજન્સીઓ ભારતીય ડિજિટલ સ્પેસમાં એવા નેરેટિવ્સ પ્લાન્ટ કરે છે, જેથી દેશની જનતા અને સરકાર વચ્ચે અવિશ્વાસ પેદા થાય. સરહદી વિવાદો પર દેશની અંદર રાજકીય ખેંચતાણ વધે અને સરકાર પર દબાણ આવે તે માટે ચીન સતત ભ્રામક અને અડધી સત્ય માહિતી ભારતીય મીડિયામાં વહેતી કરે છે. જ્યારે ચીન પોતે એક કટ્ટર સેન્સરશીપ ધરાવતો દેશ છે જ્યાંથી સત્ય બહાર આવવા દેવામાં આવતું નથી, ત્યારે તે ભારતની ખુલ્લી સિસ્ટમ પર સતત હુમલા કરે છે.

ત્રીજી અને સૌથી ગંભીર બાબત અરુણાચલ પ્રદેશ અને પૂર્વ લડાખ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં વસતા સ્થાનિક નાગરિકોના મનોબળને તોડવાનો પ્રયાસ છે. ચીન અરુણાચલ પ્રદેશના સ્થળોના નામ બદલીને અને સરહદી વિસ્તારોમાં ચાઈનીઝ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વીડિયો વાયરલ કરીને સ્થાનિક વસ્તીમાં એક પ્રકારની અસુરક્ષાની ભાવના પેદા કરવા માગે છે. તે બતાવવા માગે છે કે તે સરહદ પર પ્રભુત્વ ધરાવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે ભારતે છેલ્લા કેટલાક વર્ષોમાં વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ અને વિશાળ રોડ-ટનલ નેટવર્ક દ્વારા સરહદી વિસ્તારોમાં અત્યાર સુધીનું સૌથી મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું છે, જેને ઢાંકવા માટે ચીન પ્રોપેગંડાનો સહારો લઈ રહ્યું છે.

આ ઉપરાંત, ચીન સતત વૈશ્વિક મંચ પર ભારતની ઉભરતી મહાસત્તાની છબીને નુકસાન પહોંચાડવાની એક પણ તક જતું કરતું નથી. જ્યારે ભારત ગ્લોબલ સાઉથનો અવાજ બની રહ્યું છે અને અમેરિકા, યુરોપ તથા ક્વાડ દેશો સાથે આર્થિક અને સૈન્ય સંબંધો મજબૂત કરી રહ્યું છે, ત્યારે ચીન વિશ્વને એવું બતાવવાનો પ્રયાસ કરે છે કે ભારત પોતાની જ સરહદો સાચવવામાં અસમર્થ છે. આ ડિસઈન્ફોર્મેશન વોર દ્વારા ચીન એશિયામાં ભારતનો પ્રભાવ ઓછો કરવા માગે છે, જેથી નાના દેશો ચીનના પ્રભાવ હેઠળ રહે.

ક્ષતિરહિત વાસ્તવિકતા એ છે કે ભારતે આ સાયબર અને ઈન્ફોર્મેશન વૉરફેરનો સામનો કરવા માટે પોતાની વ્યૂહરચના વધુ આક્રમક અને અદ્યતન બનાવવી પડશે. કેવળ લશ્કરી રીતે સજ્જ રહેવું પૂરતું નથી, ભારતે પોતાના 'ઈન્ફોર્મેશન ડોમેન'ને પણ એટલું જ મજબૂત બનાવવું પડશે. ચીનના દરેક જૂઠાણા અને પ્રોપેગંડાનો વિદેશી અને સ્થાનિક મંચ પર ત્વરિત, તથ્યાત્મક અને મજબૂત જવાબ આપવો અનિવાર્ય છે. ભારતની સેના અને સંરક્ષણ મંત્રાલયે પોતાની કમ્યુનિકેશન વિંગને વધુ સક્રિય અને ટેક-સેવી બનાવીને ચીની ચાલનો પરદાફાશ કરવો પડશે.

આ સમગ્ર સ્થિતિ પરથી એક વાત સ્પષ્ટ થાય છે કે ગલવાનથી અરુણાચલ સુધી ચીન દ્વારા ખેલાઈ રહેલી આ રમત એ માત્ર સરહદી જમીનનો વિવાદ નથી, પણ તે ભારતની રાષ્ટ્રીય અસ્મિતા અને આત્મવિશ્વાસ પરનો હુમલો છે. ચીન એ વાત સારી રીતે જાણે છે કે વાસ્તવિક યુદ્ધમાં ભારતીય સેનાને હરાવવી અશક્ય છે, તેથી તે મનોવૈજ્ઞાનિક અને માહિતીયુદ્ધના આડકતરા રસ્તા અપનાવી રહ્યું છે.

અંતમાં, ભારત માટે સમય આવી ગયો છે કે તે ચીનના આ ડિસઈન્ફોર્મેશન વૉરફેરને ઓળખે અને તેનો સામનો કરવા માટે એક વ્યાપક નેશનલ ઈન્ફોર્મેશન સિક્યોરિટી પોલિસી તૈયાર કરે. દેશના નાગરિકો, મીડિયા અને સોશિયલ મીડિયા યુઝર્સે પણ સરહદ સંબંધિત ચાઈનીઝ નેરેટિવ્સથી સાવધ રહેવું પડશે. સૈન્ય શક્તિ, તકનિકી સજ્જતા અને દેશની આંતરિક એકતાના ત્રિવેણી સંગમ દ્વારા જ ભારત ચીનના આ ભ્રામક અને છળકપટથી ભરેલા યુદ્ધને મુહતોડ જવાબ આપી શકશે.

